મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારશ્રી દ્વારા વિવિધ અભિયાનો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે રાજ્યમાં દરેક મહાનગરપાલિકાઓમાં સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરની આગવી ઓળખ ઉભી કરવા માટેનાં કામો માટે એક અલગ જોગવાઈ કરવામાં આવી છે. આ ઘટક હેઠળ શહેરમાં આગવી ઓળખ ઉભી કરી શકે તેવાં મહત્વના લોકોપયોગી તેમજ તાકીદે હાથ ધરવાપાત્ર હોય તેવા કામોનો સમાવેશ કરવામાં આવે છે.

જેમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ સહીતના કામો તથા મુખ્યત્વે હેરીટેઝ અને પ્રવાસન, પ્રદર્શન હોલ, પંચશક્તિ થીમ આધારીત ટ્રાફીક સર્કલ આઈલેન્ડઝ, વોટર બોડી લેન્ડ સ્કેપીંગ, રીવરફ્રન્ટ, પાર્ક, ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ક, સ્વીમીંગ પુલ, યોગ કેન્દ્રો, નોલેજ સેન્ટર, સાયન્સ સેન્ટર, મ્યુઝીયમ, એમ્પી થીયેટર, પ્લેનેટોરીયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉનહોલ, પ્રાણી સંગ્રહાલય અને બોટનિકલ ગાર્ડન અને બાલવાટીકા બનાવવાના કામોનો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ 4 માસ જેટલાં ટુંકા સમયગાળામાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર અને જુનાગઢ મહાનગરપાલિકામાં કુલ 962.71 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. જેની ટુંકમાં વિગતો નીચે મુજબ છે.

- અમદાવાદ શહેરમાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ હોસ્પિટલ બિલ્ડીંગ માટે રૂ.371 કરોડ
- સુરત શહેરમાં કેબલ સ્ટેઈડ બ્રીજ માટે રૂ.143.65 કરોડ, ઓડીટોરીયમ માટે રૂ.19.65 કરોડ અને આઉટ ડોર સ્પોર્ટસ સ્ટેડીયમ માટે રૂ.105 કરોડ
- વડોદરા શહેરમાં તળાવ ડેવલપમેન્ટ તથા થીમ બેઈઝ ગાર્ડન માટે રૂ.102 કરોડ, સ્વીમીંગ પુલ, એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ, ઐતિહાસિક ચાર દરવાજાની કામગીરી, આધુનિક ટાઉનહોલ અને રાત્રી બજાર માટે રૂ.60.50 કરોડ
- રાજકોટ શહેરમાં આજી રીવરફ્રન્ટ રી-ડેવલપમેન્ટ માટે રૂ.51 કરોડ, તળાવ ડેવલપમેન્ટ, રેસક્રોસ સંકુલ ડેવલપમેન્ટ, કન્વેન્શન સેન્ટર અને એક્ઝીબીશન એરીયાનું ડેવલપમેન્ટ માટે રૂ.65 કરોડ
- ભાવનગર શહેરમાં સ્વીમીંગ પુલ અને બાગના નવીનીકરણ માટે રૂ.18 કરોડ
- જામનગર શહેરમાં રક્ષિત સ્મારક લાખોટા કોઠાના રીસ્ટોરેશન અને કન્ઝર્વેશનના કામો માટે રૂ.10.91 કરોડ અને
- જુનાગઢ શહેરમાં હેરીટેજના જુદા જુદા કામો માટે રૂ.16 કરોડ એમ કુલ મળી રૂ.962.71 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ગુજરાતમાં પ્રજાની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર વધારો થયો છે. ગુજરાતના જેવો વિકાસ અને સુશાસન મેળવવા દેશભરમાં લોકો વડાપ્રધાનપદે શ્રી નરેન્દ્રભાઈ મોદીને બેસાડવા આતુર બન્યા છે ત્યારે આપણે સૌ સક્રિય અને સંકલ્પબધ્ધ બની દેશના લોકોનું સપનું સાકારકરીએ.

**સૌનો સાથ... સૌનો વિકાસ.. જય જય ગરવી ગુજરાત...**